# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૫૯ તા.૧૭-૯-૨૦૨૦

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ અંતર્ગત કોમ્યુનિકેશન મટીરીયલ તૈયાર કરવા બાબત.

સંદર્ભ :- ક્રમાંક : જીસીઈઆરટી/DIKSHA/૨૦૨૦/૯૬૩૮-૯૭૦૮ તા.૦૭-૦૯-૨૦૨૦

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોક્ત વિષય તથા સંદર્ભ અન્વયે જણાવવાનું કે, ભારત સરકાર દ્વારા રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ (NEP 2020) અંતર્ગત શિક્ષકો દ્વારા કોમ્યુનિકેશન મટીરીયલ તૈયાર કરવા અંગેનું ઓનલાઈન સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ છે. વિવિધ થીમ પર સ્પર્ધામાં ભાગ લેનાર શિક્ષકોએ સંદર્ભિત પત્ર મુજબ દર્શાવેલ વિષયની કૃતિ તા.૨૪-૯-૨૦૨૦ સુધીમાં યુઆરસી.કો.ઓર્ડિનેટરશ્રીને મોકલી આપવાની રહેશે. દરેક શાળામાંથી વધારેમાં વધારે શિક્ષકો આ સ્પર્ધામાં ભાગ લે તે સુનિશ્ચિત કરવાનું રહેશે. આ સાથે સામેલ સંદર્ભિત પત્રનો ચીવટપૂર્વક અભ્યાસ કરી તેમાં આપેલ સૂચનાઓ પ્રમાણે વધુમાં વધુ કૃતિઓ તૈયાર કરવા જણાવવામાં આવે છે.

બિડાણ :- સંદર્ભિત પત્ર

તા.૧૭-૦૯-૨૦૨૦

ડૉ. એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી

सत्यमेव जयते

ક્રમાંક: જીસીઇઆરટી/DIKSHA/2020 ૯૬૩૯-૯૭૦૯
ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, સેક્ટર-12,
ગાંધીનગર,
ફોન:(079) 23256808,
ઈ મેઈલ:- gcert12@gmail.com,Web :
www.gcert.gujarat.gov.in
તારીખ: ૭/૯/૨૦૨૦

પ્રતિ,

– જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ,

– જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ,

– શાસનાધિકારીશ્રી, તમામ.

વિષય - રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 અંતર્ગત કોમ્યુનિકેશન મટીરીયલ તૈયાર કરવા બાબત...

સંદર્ભ - (૧) શિક્ષણ મંત્રાલયનો પત્ર–D.O.No.210820/ Secy(SE&L)/3, તા.21-08-2020,

(૨) માન. સચિવશ્રી, પ્રા.અને માધ્ય.શિક્ષણની નોંધ પર પ્રાપ્ત મંજૂરી.

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અનુસાર જણાવવાનું કે ભારત સરકાર દ્વારા રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 (NEP 2020) અંતર્ગત શિક્ષકો દ્વારા કોમ્યુનિકેશન મટીરીયલ તૈયાર કરવા અંગેનું ઓનલાઇન સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ છે. આ સંદર્ભે રાજ્યના શિક્ષકો આ ઓનલાઇન સ્પર્ધામાં જોડાય અને તેમની એન્ટ્રી મોકલી આપે તે માટે જિલ્લાકક્ષાએથી શિક્ષકોને પ્રોત્સાહિત કરવા માટે આપશ્રીને જણાવવામાં આવે છે. આ ઉપરાંત, બ્લોક તેમજ જિલ્લાકક્ષાએ આવેલ એન્ટ્રીસ પૈકી પસંદગી કરી રાજ્યકક્ષાએ મોકલી આપવા માટે નીચે મુજબની પ્રક્રિયા કરવાની થાય છે;

1. નીચે જણાવેલ વિવિધ થીમ પર સ્પર્ધાનું આયોજન કરવાનું થાય છે:
   i. Early Child Care and Education: The Foundation of Learning
   ii. Foundational Literacy & Numeracy: An Urgent & Necessary Prerequisite to Learning
   iii. Curtailing Dropout Rates & Ensuring Universal Access to Education at All Levels
   iv. Curriculum & Pedagogy in Schools: Learning Should be Holistic, Integrated, Enjoyable and Engaging
   v. Teachers & Teacher Education
   vi. Equitable and Inclusive Education: Learning for All
   vii. Efficient Resourcing and Effective Governance Through School Complexes/Clusters
   viii. Standard Setting and Accreditation for School Education
   ix. Re-imaging Vocational Education

x. Adult Education

xi. Promotion of Indian Languages, Arts & Culture

xii. Online and Digital Education: Ensuring Equitable Use of Technology

2. આ સ્પર્ધા માટે ત્રણ પ્રકારના ફોર્મેટ નક્કી કરવામાં આવેલ છે. શિક્ષકે નીચે પૈકીના કોઇ એક ફોર્મેટમાં કૃતિ તૈયાર કરી શકશે.

   i. ફિલ્મ – 1 થી 2 મિનિટનો સમયગાળો અને MP4 ફોર્મેટ,

   ii. પોસ્ટર્સ – 12" X 8" સાઇઝના પોસ્ટર્સ,

   iii. ઇન્ફોગ્રાફિક્સ – સ્લાઇડ્સ કે પાવરપોઇન્ટ પ્રેઝન્ટેશન સ્વરૂપે,

3. આ સ્પર્ધા સૌ પ્રથમ શાળા કક્ષાએ તા. 5મી સપ્ટેમ્બર થી 25મી સપ્ટેમ્બર, 2020 દરમિયાન યોજવાની રહેશે.

4. શિક્ષકોએ શાળાકક્ષાએ **કૃતિની સોફ્ટકોપી / લિંક** તૈયાર કરી જિલ્લા સ્તરે મોકલી આપવાની રહેશે. આ માટે, જિલ્લા સ્તરે પ્રાથમિક અને ઉચ્ચ પ્રાથમિક શિક્ષકોએ તેમની કૃતિ જિલ્લાના જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીની કચેરીને તેમજ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષકોએ તેમના જિલ્લાના જિલ્લા શિક્ષણાધિકારીની કચેરીને કૃતિ મોકલી આપવાની રહેશે.

5. જિલ્લા કક્ષાએથી જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીની કચેરી તેમજ જિલ્લા શિક્ષણાધિકારી / શાસનાધિકારીની કચેરી દ્વારા એકત્ર કરવામાં આવેલ તમામ કૃતિઓની સોફ્ટકોપી / લિંક પ્રાચાર્ય, જિલ્લાના જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનને મોકલી આપવાની રહેશે.

6. પ્રાચાર્ય, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન દ્વારા શાળાકક્ષાએથી આવેલ તમામ એન્ટ્રીસ (કૃતિઓ) પૈકી કુલ બે (2) કૃતિઓ પસંદ કરવાની રહેશે.

7. આ પસંદ થયેલ બે કૃતિઓની લિંક રાજ્યકક્ષાએ જીસીઇઆરટી, ગાંધીનગર ખાતે નીચે જણાવેલ ફોર્મેટમાં અંગ્રેજીમાં MS Excel માં gcert12@gmail.com મોકલી આપવાની રહેશે. **ઇમેઇલના વિષયમાં તેમજ ફાઇલના નામમાં NEP Competition_(district name) લખવાનું રહેશે.**

8. પસંદ થયેલ એન્ટ્રીની સાથે અંગ્રેજીમાં ટૂંકમાં સમજાવતી નોંધ જોડવાની રહેશે.

9. જિલ્લા શિક્ષણ અને તાલીમ દ્વારા પસંદ થયેલ કૃતિઓ મોકલી આપવા માટેનું ફોર્મેટ:

| જિલ્લાનું નામ | કૃતિની થીમ | કૃતિનું ફોર્મેટ | શિક્ષકનું નામ | શાળાનું નામ, સરનામું | કૃતિની લિંક |
|---|---|---|---|---|---|
| | | | | | |
| | | | | | |

10. રાજ્યકક્ષાએ જીસીઇઆરટી દ્વારા જિલ્લામાંથી પ્રાપ્ત તમામ કૃતિઓ પૈકી રાજ્યસ્તરની સમિતિ દ્વારા પસંદ થયેલ એન્ટ્રીસ પૈકી પ્રથમ 10 એન્ટ્રીસને જીસીઇઆરટીની વેબસાઇટ પર તા. 15 ઓક્ટોબર પછીથી પ્રદર્શિત કરવામાં આવશે. આ ઉપરાંત, આ 10 એન્ટ્રીસને એનસીઇઆરટી ખાતે મોકલી આપવામાં આવશે.
11. પસંદ થયેલ એન્ટ્રીસનો ઉપયોગ શિક્ષણ મંત્રાલય, નવી દિલ્હી દ્વારા કરવામાં આવશે અને આ ઉપયોગ માટે સ્પર્ધક /શિક્ષકની મંજૂરી છે તેમ માની લેવામાં આવશે.
12. શાળાકક્ષાએથી વધુને વધુ શિક્ષકો જોડાય તે માટેના પ્રયત્નો જિલ્લા દ્વારા કરવાના રહેશે.
13. આ સ્પર્ધા માટે શાળા કક્ષાથી એન્ટ્રી મોકલી આપવાની છેલ્લી તારીખ 25મી સપ્ટેમ્બર, 2020 રહેશે. જ્યારે જિલ્લા સ્તરે તા. 30મી સપ્ટેમ્બર, 2020 સુધી પસંદગી કરી જીસીઇઆરટી ખાતે મોકલી આપવાની રહેશે.

ઉપરોક્ત વિષય સંદર્ભે આપની કક્ષાએથી કામગીરી કરવા માટે આથી જણાવવામાં આવે છે.

નિયામક
જીસીઇઆરટી,
ગાંધીનગર

બિડાણ –

- શિક્ષણ મંત્રાલયનો પત્ર

નકલ રવાના (સવિનય જાણ સારું) –

- માન. સચિવશ્રી, પ્રા. અને મા. શિક્ષણ, શિક્ષણ વિભાગ, ગાંધીનગર
- નિયામકશ્રી, શાળાઓની કચેરી, ગાંધીનગર
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગાંધીનગર
- સચિવશ્રી, ગુ.મા.અને ઉ.મા. શિક્ષણ બોર્ડ, ગાંધીનગર
- સચિવશ્રી, સમગ્ર શિક્ષા કચેરી, ગાંધીનગર
- પ્રાચાર્યશ્રી, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, તમામ (સંલગ્ન કામગીરી કરવા જાણ સારું)

अनीता करवल, भा. प्र. से
सचिव

Anita Karwal, IAS
Secretary

**Department of School Education & Literacy**
**Ministry of Education**
**Government of India**

D.O. No.210820/Secy(SE&L)/3 Dated:21.08.2020

Dear Education Secretary,

I am glad to inform you that the Ministry of Education, in partnership with MyGov, is organizing an Online Competition for Teachers on 'Preparation of Communication material' relating to National Education Policy (NEP-2020). The participating teachers from States/UTs will have to prepare Communication material on different Themes of NEP 2020 related to school education.

The following actions are requested from the States/UTs:-

1. The States/UTs are requested to appoint one Nodal Officer for this event, who will be responsible for making all arrangements like receiving entries from teachers, facilitating the assessment of entries and sending finally selected entries to the NCERT.
2. The themes for this competition are as follows:
   - (i) Early Childhood Care and Education: The Foundation of Learning
   - (ii) Foundational Literacy and Numeracy: An Urgent & Necessary Prerequisite to Learning
   - (iii) Curtailing Dropout Rates and Ensuring Universal Access to Education at All Levels
   - (iv) Curriculum and Pedagogy in Schools: Learning Should be Holistic, Integrated, Enjoyable and Engaging
   - (v) Teachers and Teachers Education
   - (vi) Equitable and Inclusive Education: Learning for All
   - (vii) Efficient Resourcing and Effective Governance through School Complexes/Clusters
   - (viii) Standard-setting and Accreditation for School Education
   - (ix) Re-imagining Vocational Education
   - (x) Adult Education
   - (xi) Promotion of Indian Languages, Arts and Culture
   - (xii) Online and Digital Education: Ensuring Equitable Use of Technology

124 'सी' विंग, शास्त्री भवन, नई दिल्ली -110001
124 'C' Wing, Shastri Bhawan, New Delhi-110001
Telephone:+91-11-23382587, +91-11-23381104 Fax : +91-11-23387589
E-mail:secy.sel@nic.in

Scanned with CamScanner

3. The communication material can be in one of the following formats:
   - Film: Duration - 1 to 2 minutes, in MP4 format.
   - Posters: Poster size: 12" x 8"
   - Infographics: In the form of power point presentation or slides.
4. The competition will be held at school level first between 5th September – 25th September. The next selections will be done at block/district/state from 25th September to 15th October, 2020.
5. All entries selected at district level are to be called for at State level by SCERTs through any mode deemed fit by State/UT.
6. The State/UT will have to constitute one Select Committee for assessing the entries received at State/UT level.
7. The 10 best entries, irrespective of theme and format, at state level may be exhibited in State Education Department website and of SCERT from 15th October 2020 onwards. These entries may then be submitted for national level selection at link to be supplied by NCERT.
8. NCERT is the Nodal Agency for this Competition on behalf of Ministry of Education. NCERT will remain in touch with SCERTs to take this further.
9. If any state level selected entry is in local language then an explanatory note on the same may be attached along with entry by SCERT.
10. All the participants should be informed that the entries submitted by them, may be used by the Ministry of Education in future and the submission of entry will be treated as the permission for the same on behalf of the participant.

The link on which, best entries from your State/UT is to be uploaded, will be shared shortly by NCERT.

You are requested to issue necessary instructions to all the schools for the same and encourage the participation from the maximum number of teachers in this competition from as many schools as possible.

Best wishes.

**Yours sincerely,**

**(Anita Karwal)**

**<u>Secretaries School Education of all States/ UTs</u>**

**Copy to:** Director, NCERT

Scanned with CamScanner

પ્રાચાર્ય
ક્રમાંકઃજશભ/com material/૨૦૨૦/૧૮૩૪-૧૮૪૩
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, અમદાવાદ શહેર
ગોતા ચોકડી પાસે, ગોતા ઓગણજ રોડ, અમદાવાદ
ઇ-મેઇલઃ diet-urban-ahd@gujarat.gov.in
Web : www.dietahmdcity.org
તારીખઃ 16-09-2020

પ્રતિ,
- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, અમદાવાદ શહેર
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, અમદાવાદ શહેર
- શાસનાધિકારીશ્રી, નગર શિક્ષણ સમિતિ, અમદાવાદ શહેર

વિષયઃ- રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ અંતર્ગત કોમ્યુનિકેશન મટીરીયલ તૈયાર કરવા બાબત.
સંદર્ભઃ- પત્રાંકઃ જીસીઇઆરટી/DIKSHA/૨૦૨૦/૯૬૩૮-૯૭૦૮ તા.૦૭/૦૯/૨૦૨૦

શ્રીમાન,

ઉપરોકત વિષય અને સંદર્ભ અનુસાર જણાવવાનું કે ભારત સરકાર દ્વારા રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ અંતર્ગત શિક્ષકો દ્વારા કોમ્યુનિકેશન મટીરીયલ તૈયાર કરવા અંગેનું ઓનલાઇન સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ છે. ઉપરોકત સંદર્ભિત પત્ર જીસીઇઆરટી દ્વારા તા. ૦૭/૦૯/૨૦૨૦ ના રોજ આપશ્રીને મોકલવામાં આવેલ હતો જેમાં રાજયના શિક્ષકો આ ઓનલાઇન સ્પર્ધામાં જોડાય અને તેમની એન્ટ્રી મોકલી આપે તે માટે જિલ્લા કક્ષાએથી શિક્ષકોને પ્રોત્સાહિત કરવા માટે આપશ્રીને જણાવવામાં આવેલ હતું. જેમાં નીચે જણાવેલ વિવિધ થીમ પર સ્પર્ધાનું આયોજન થનાર છે.

i. Early childhood and education: The Foundation of Learning
ii. Foundational Literacy and Numeracy: An urgent & Necessary Prerequisite to Learning
iii Curtailing Dropout Rates and Ensuring Universal Access to Education at ALL Levels
iv Curriculum and Pedagogy in School's: Learning should be Holistic, Integrated, Enjoyable and Engaging
v Teachers & Teacher Education
vi. Equitable and Inclusive Education: Learning for ALL
vii. Efficient Resourcing and Effective Governance through School Complexes/Clusters
viii. Standard-setting and Accreditation for School education
ix. Re imaging occasional education
x. Adult education
xi. Promotion of Indian Language, Arts & Culture
xii. Online and Digital Education Ensuring Equitable Use of Technology

ઉપરોકત વિષયોમાંથી શિક્ષકો નીચેના પૈકીના કોઇ પણ એક ફોર્મેટમાં કૃતિ તૈયાર કરી શકશે.

૧. ફિલ્મ – ૧ થી ૨ મિનિટનો સમયગાળો અને MP4 ફોર્મેટ
૨. પોસ્ટર્સ – 12" × 8" સાઇઝના પોસ્ટર્સ
૩. ઇન્ફોગ્રાફિકસ – સ્લાઇડ કે પાવરપોઇન્ટ પ્રેઝન્ટેશન સ્વરૂપે.

આ સાથે વિગતવાર માહિતી સાથેનું જીસીઇઆરટી, ગાંધીનગરનો પત્ર સામેલ છે જે ધ્યાને લઇને સંબંધિત કાર્યવાહી કરવા વિનંતી છે.

પ્રાચાર્ય
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન
અમદાવાદ-શહેર

<u>નકલ રવાના જાણ તથા અમલ સારૂ:</u>
૧. બી.આર.સી., કો. ઓ.શ્રી, માંડલ, વિરમગામ અને દેત્રોજ તાલુકો, જિ. અમદાવાદ
૨. યુ.આર.સી. કો. ઓ.શ્રી, તમામ ઝોન, નગર શિક્ષણ સમિતિ, અમદાવાદ